# ૮.૧ જૈન દર્શનવિધિ અને પૂજાવિધિ (પૂજાવિધિના પ્રકારો)

૧) "સૂતા સાત ઊઠતા આઠ" – આઠ કર્મોનો નાશ કરવાના હેતુથી આઠ નવકાર ગણવા. અંજલી બાંધતા (ખોબો) સમયે બન્ને અંગૂઠા સામ–સામે હોય અને બાકીની આંગળીઓ એક ઉપર એક ફસાવવી અને જમણા હાથની આંગળીઓ ઉપર રાખવી.

૨) હાથ ખોલીને સિદ્ધશિલા પર બેઠેલા ૨૪ તીર્થંકરો અને અનંત સિદ્ધોને વંદન કરવાં.

૩) પછી જે બાજુ શ્વાસ ચાલે છે તે જ બાજુનો પગ પથારીમાંથી બહાર કાઢવો. (અથવા પલંગ પરથી નીચે મુકવો)

૪) શ્વાસને અનુસરીને પગ બહાર કાઢી ફક્ત દર્શન માટે જ જવું. શાક–ભાજીની થેલી કે દૂધ લેવાના હેતુ સાથે દર્શનનો પૂરો લાભ થતો નથી.

૫) જિનાલયની ધજા દેખાતા જ 'નમો જીણાણમ્' બોલવું.

૬) ખાવા–પીવાની કોઈ પણ વસ્તુ કે પાન–મસાલા,ગુટખા વગેરે ખીસ્સામાં હોય તો બહાર મૂકી દેવાં જોઈએ.

૭) પુરૂષ પોતાની ડાબી બાજુ અને સ્રીઓએ પોતાની જમણી બાજુએથી ત્રણ વખત 'નિસીહિ' બોલતા જિનાલયમાં પ્રવેશ કરવો જોઇએ.

૮) પ્રભુને જોતા જ 'નમો જિણાણં' બોલવું.

૯) પુરૂષો બદામના આકારનો શિખર તિલક કરવો અને સ્ત્રીએ સૌભાગ્ય સૂચક ગોળ તિલક કરવો, 'પ્રભુની આજ્ઞા મારા મસ્તક પર' એવો ભાવ રહેલો છે.

૧૦) પોતાની જમણી બાજુથી પ્રદક્ષિણા ફરવી જોઇએ.

૧૧) પછી 'નિસીહિ' બોલીને પ્રભુ સન્મુખ પુરૂષો પોતાની જમણી બાજુ અને સ્રીઓ પોતાની ડાબી બાજુ ઊભી રહે.

૧૨) 'દર્શન દેજો' આદિ સ્તુતિઓ ધીમા સ્વરે ગાઈને ધૂપ–દીપ–સ્વ. દ્રવ્ય ના હોય તો નવા પ્રગટાવવા નહિતો પહેલાથી જ પ્રગટેલા હોય તેનાથી ધૂપ પૂજા કરવી

૧૩) ચામર ઢોળવા પૂર્વક નૃત્યપૂજા કરવી.

૧૪) અખંડ ચોખાથી સાથિયો કરીને તેના ઉપર ત્રણ ઢગલી કરી ને પછી સિદ્ધશીલા બનાવવી.

૧૫) સિદ્ધશીલા પર ફ્રૂટ કે બદામ મૂકવા.

૧૬) ચોખા વગેરેને પંખી વગેરે ખાય તો દેવદ્રવ્યનાશની ઉપેક્ષા થયોનો દોષ લાગેછે. આ પાપથી બચવા ચોખા વગેરેને એક થાળી અથવા ડબ્બામાં વ્યવસ્થિત મુકવા.

jainuniversity.org

## પૂજા એટલે શું ?

**પૂજા:–**

પૂજાનો મતલબ છે સમર્પણ. પરમાત્મા માત્ર દર્શનીય નથી. પ્રભુ તો પૂજનીય પણ છે. પૂજનીય પરમાત્માના માત્ર દર્શન કરીને સંતોષ માનવો એ પણ એક આશાતના છે.

## પ્રભુની ત્રિકાળ પૂજા કેવી રીતે કરી શકાય?

### ત્રિકાળ જિનપૂજાનો સમય

૧) સવારે પૂજા સૂર્યોદય પછી કરવી.

૨) બપોરે પૂજા દિવસના મધ્યભાગે કરવી.

૩) સાંજે પૂજા સૂર્યાસ્ત પહેલા કરવી

### પ્રાત:કાળની પૂજા

સર્વપ્રથમ પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા આપવી. ભગવાનની સમક્ષ સ્તુતિ કરવી. સુગંધિ દ્રવ્યોથી પ્રભુની વાસક્ષેપ પૂજા કરવી પછી ધૂપ પૂજા, દિપક પૂજા કરીને ચૈત્યવંદન કરવું. અને યથાશક્તિ પચ્ચક્ખાણ ગ્રહણ કરવું.

**મધ્યાહ્ન કાળની પૂજા**

દિવસના મધ્યાહ્ન સમયે જમ્યા પહેલા શ્રાવક જયણા આદિ પાળવા સાથે વિધિપૂર્વક સ્નાન કરીને પૂજાના દ્રવ્યો ગ્રહણ કરીને જિનાલયે આવીને અષ્ટપ્રકારી જિનપૂજા કરવી.

**સાંયકાળની પૂજા**

સૂર્યાસ્તને બે ઘડી (૪૮ મિનિટ) બાકી રહે તે પહેલા ભોજન-પાણી પતાવી દીધા પછી જિનાલયે આવીને પ્રણામ કરી, પ્રદક્ષિણા દઈને, સ્તુતિ કરીને ધૂપ-દીપ કરીને તે પછી ચૈતન્યવંદન કરી, પચ્ચક્ખાણ કરીને પૌષધશાળાએ જઈ દેવસિ પ્રતિક્રમણ આચરવું.

**ત્રણ પ્રકારની પૂજા પૂજાત્રિકઃ**

૧) અંગપૂજાઃ-પરમાત્માની પ્રતિમાની ઉપર જે પૂજા કરવામાં આવે તેને અંગપૂજા કહેવાય છે. દા.ત. જલપૂજા, ચંદનપૂજા, પુષ્પપૂજા. આ પૂજાને વિઘ્નોપશામિની કહેવાય છે, જે જીવનમાં આવતાં વિઘ્નોનો નાશ કરનારી અને મહાફળને આપનારી છે. વૈરાગ્ય કલ્પલતા ગ્રંથમાં આ પૂજાને સમન્તભદ્રા નામથી સંબોધીને અદ્‌ભુત ચિત્તપ્રસન્નતા આપનારી જણાવેલ છે.

૨) અગ્રપૂજાઃ- પરમાત્માની આગળ ઉભા રહીને જે પૂજા કરવામાં આવે છે, તેને અગ્રપૂજા કહેવાય છે દા.ત. ધૂપપૂજા, દિપકપૂજા, અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા અને ફળપૂજા. આ પૂજાને અભ્યુદયકારિણી કહેવાય છે. પૂજકનાં જીવનમાં આવતાં વિઘ્નોનો વિનાશ કરી, મોક્ષમાર્ગની સાધનામાં સહાયક એવો ભૌતિક અભ્યુદય આ પૂજા દ્વારા પ્રાપ્ત થાય છે. આ પૂજાને વૈરાગ્ય કલ્પલતામાં સર્વભદ્રા નામથી સંબોધવામાં આવી છે.

3)ભાવપૂજાઃ- પરમાત્મા સામે કરાતાં સ્તુતિ, સ્તોત્ર, સ્તવન, ચૈત્યવંદન, ગીત, ગાન-નૃત્ય આદિને ભાવપૂજા કહેવાય છે. આ પૂજાને નિવૃતિકારિણી કહેવાય છે. ઉપરની બે પૂજાઓ દ્વારા વિઘ્નોનો નાશ તેમજ ભવપરંપરામાં સદા માટે અભ્યુદયની પ્રાપ્તિ થાય છે. અને અંતે આ પૂજા વડે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. માટે તેને નિવૃતિકારિણી કહેવાય છે. વૈરાગ્ય કલ્પલતામાં આ પૂજાને સર્વ સિદ્ધિફલા નામથી સંબોધી છે.

jainuniversity.org

## પ્રભુ દર્શન - પૂજનનો પ્રભાવ

૧ શુદ્ધ ભાવથી પ્રભુ દર્શન પૂજનની કલ્પનાથી પુણ્યની વૃદ્ધિ થાય છે.

૨ જિનેશ્વર પરમાત્માંનાં દર્શન કરવા જવું એવી ઈચ્છા કરનારને એક ઉપવાસનું ફળ મળે છે.

3 દર્શન કરવા ઉઠવાની તૈયારી કરવા બે ઉપવાસનું ફળ મળે છે.

૪ દર્શન કરવા નિશ્ચય કરતા ત્રણ ઉપવાસનું ફળ મળે છે.

૫ દર્શન કરવા માર્ગમાં જતા ચાર ઉપવાસનું ફળ મળે છે.

૬ જિન મંદિરની નજીકમાં આવતા પંદર ઉપવાસનું ફળ મળે છે.

૭ જિન મંદિરને નયને જોતાં એક મહિનાના ઉપવાસનું ફળ મળે છે.

૮ જીનેન્દ્ર ભગવાન પાસે આવતાં છ મહિનાના ઉપવાસનું ફળ મળે છે.

૯ જિન મંદિરના મુખ્ય બારણાં પાસે આવતા વર્ષીતપ જેટલું ફળ મળે છે.

૧૦ પ્રભુને પ્રદક્ષિણા દેતા સો વર્ષના ઉપવાસનું ફળ મળે છે.

૧૧ જિનેશ્વર પરમાત્માનું પ્રમાર્જન કરાવથી સો ગણું ફળ મળે છે.

૧૨ બરાસ, ચંદન વગેરે દ્રવ્યોનું વિલેપન કરવાથી હજાર ગણું ફળ મળે છે.

૧3 જિનેશ્વર પરમાત્માના ગીત, પૂજા તથા નૃત્ય કરવાથી અનંત ગણું ફળ પ્રાપ્ત થાય છે.

૧૪ તીર્થંકર દેવની પ્રતિમાજીનાં દર્શનથી સમકિતની પ્રાપ્તિ થાય છે.

## દેરાસરમાં મૂકવા જેવી નિયમાવલી

- દેરાસરનું રોજ સવારે ૬-૦૦ વાગ્યે દ્વાર ખોલવું જોઈએ. કોઈ કારણ વિશેષ હોય તો સવારે ૫-૦૦ વાગ્યે દ્વાર ખોલવું.
- દેરાસર સૂર્યોદય પછી ખોલવું જોઈએ. માંગલિક કરવાનો સમય બપોરે એક વાગ્યે રાખવો જોઈએ. જેથી મધ્યાહ્ન પૂજાનો લાભ મળી શકે. અગર વહેલું માંગલિક કરવામાં આવે ને કોઈની પૂજા બાકી રહી જાય તો?
- સવારે સૂર્યોદય પછી જ ભગવાનનો પષાલ કરવો જોઈએ. દેરાસરમાં બોલાતા કોઈપણ ચઢાવા કોઈની રાહ કે પ્રતિક્ષા જોઈને રજા અપાય નહિ.
- પ્રભુના પક્ષાલ માટે કોઈ ભાઈ કે બહેન બાકી છે તેમ કરીને ભગવાનનો રોકી ન રખાય. તેવું ખાસ બનતું હોય છે. માટે તેનું ખાસ ધ્યાન રાખવું. ગભારામાં પક્ષાલના દૂહા ફક્ત મનમાં બોલી શકાય. ગભારામાં કંઈપણ બોલવાથી આશાતના થાય છે. ગભારામાં પૂજા દરમિયાન કોઈપણ સ્તવન, રત્નાકર પચ્ચીસી કે કોઈ સ્તુતિ બોલવી નહીં. ફક્ત પૂજા કરતાં નવ અંગના દૂહા મનમાં બોલવા.
- દેરાસરમાં કોઈપણ એક પૂજારી રોજ માટે રાખવો જરૂરી છે. અગર દર ચાર છ મહિને નવો પૂજારી આવે તો પૂજા વિધિ સચવાય નહિં. અજાણ્યા પૂજારીને ધાતુની પ્રતિમાને કૂંડીમાં ડૂબાડીને લેતા જોયા છે. તો આવા પૂજારી કરતાં પ્રભુની પૂજા સુવ્યવસ્થિત કરી શકે તેવા કાયમી પૂજારીની વ્યવસ્થા કરવી જોઈએ. બને ત્યાં સુધી ભગવાનના અંગલૂછણાં શ્રાવક-શ્રાવિકા કે પૂજારીઓ ધોવા જોઈએ.
- આ બધો જ વહીવટ સંઘના આચારયુક્ત ટ્રસ્ટીઓએ સંભાળવો જોઈએ. જેથી તીર્થંકર નામ કર્મ બંધાય.
- ગભારામાં પ્રવેશ કરતાં પહેલાં પૂજા કરનારે અડધા નાકથી ઉપર આઠ પડનો મુખકોષ બાંધીને પ્રવેશ કરવો જોઈએ. ઘણાં ભાઈ-બહેનો અને બાળકો ફક્ત મોઢા ઉપર જ બાંધીને પૂજા કરતાં જોયા છે. આ અવિધિ છે. જેનાથી આશાતનાનો દોષ લાગે છે.
- પ્રભુ દર્શનમાં સ્તુતિ, ચૈત્યવંદન, સ્તવન, એવા શાંતિથી કરવા કે બીજાને અંતરાય ન પડે.
- પુરુષોએ ભગવાનની જમણી બાજુએ અને બહેનોએ ડાબી બાજુએ ઉભા રહીને દર્શન પૂજા કરવી.
- પૂજાના વસ્ત્રોમાં ચપ્પલ પહેરી ન શકાય.

## જિનમંદિરે પૂજા કેવી કરશો?

સવારે પૂજાના શુદ્ર-સ્વચ્છ કપડાંમાં સૂર્યોદય પછી પ્રભુજીના અંગનો સ્પર્શ કર્યા વિના ઊંચેથી વાસક્ષેપ વગેરે સુગંધી પૂર્ણો વડે તેમ જ ધૂપ-દીપ આદિથી પૂજા, મધ્યાહ્નકાળે ચંદન વગેરે દ્રવ્યો સહિત અષ્ટપ્રકારી પૂજા અને સંધ્યાકાળે ધૂપ-દીપ આરતી મંગલદીવો અને ચૈત્યવંદનથી પૂજા- આવી રીતે રોજ જિનેશ્વરદેવની ત્રિકાળપૂજા કરવી જોઈએ.

દ્રવ્યથી અને ભાવથી પવિત્ર બનીને જિનપૂજા કરવી જોઈએ. સ્નાન કરીને શુદ્ધ વસ્ત્રો પહેરવાં એ દ્રવ્યશુદ્ધિ છે. નીતિથી મેળવેલા ધનથી પૂજા કરવી એ ભાવશુદ્ધિ છે.

સવારે સૂર્યોદય પછી જિનમંદિરે જઈ પ્રભુજીનાં દર્શન કરવાં જોઈએ. ત્યાર પછી ઉપાશ્રયે જઈ ગુરુવંદન કરીને યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું જોઈએ. નવકારશીનું પચ્ચક્ખાણ કરનારા જેમને નવકારશીનું પચ્ચક્ખાણ આવ્યા પછી જિનપૂજા કરવાની અનુકૂળતા હોય તેમણે નવકારશીનું પચ્ચક્ખાણ આવ્યા બાદ મુખશુદ્ધિ કરીને જિનપૂજા કરવી જોઈએ. ઉપવાસ આદિ તપ કરનારને તપ એ જ સર્વશુદ્ધિકારક છે, માટે તેમને મુખશુદ્ધિનો પ્રશ્ન રહેતો નથી.

પોતાના વૈભવ અનુસાર ઋદ્ધિ-સમૃદ્ધિ સાથે પરમાત્માની પૂજા કરવા જવું. સાથે શક્તિ અનુસાર દાન આપવાનું રાખીએ તો ધર્મની પ્રશંસા થાય.

શરીરના કોઈપણ ભાગમાંથી રસી નીકળવાનું ચાલુ હોય ત્યારે અંગપૂજા કરાય નહિ.

સ્ત્રીથી પુરુષોના વેશ પહેરીને પૂજા કરાય નહિ.

મધ્યાહ્નકાલીન અષ્ટપ્રકારીપૂજા, બપોરનું ભોજન કરતાં પહેલાં કરવી જોઈએ.

સ્નાન કર્યા પછી સ્નાન કર્યા વગરના અને અપવિત્ર વસ્ત્ર કે શરીરવાળા કોઈને અડાય નહિ.


www.jainuniversity.org

સ્નાન કરતી વખતનું ભીનું વસ્ત્ર, ઊન, કે શણ વગેરેના બનેલા સૂકા અને પવિત્ર વસ્ત્રથી બદલવું જોઇએ.

પૂજા કરતી વખતે માથું લૂંછીને વાળ બરાબર ઓળવા જોઇએ. વીખરાયેલા અને ટપકતા પાણીવાળા વાળ રાખીને પૂજા કરવા જવાય નહિ.

પવિત્ર સ્થળે ઉત્તરદિશા સંમુખ રાખીને પૂજા માટેનાં ધોતી અને ખેસ આ બે વસ્ત્રો ધારણ કરવાં જોઇએ.

પૂજા માટે પુરૂષોને ધોતી અને ખેસ બે સીવ્યા-સાંધ્યા વગરના અખંડ વસ્ત્રો પહેરવાની અને સ્ત્રીઓને ત્રણ વસ્ત્રો પહેરવાની આજ્ઞા છે.

પૂજાનાં વસ્ત્રો આપણાં પોતાનાં જ રાખવાં-વાપરવાં જોઇએ.

પૂજાનાં વસ્ત્રો પ્રાયઃ સફેદ, સુંદર, સ્વચ્છ, પવિત્ર અને અખંડ હોવા જોઇએ. તેને વારંવાર ધૂપવા જોઇએ.

રેશમી વસ્ત્રો અપવિત્ર પરમાણુઓને જલ્દી ગ્રહણ કરતાં નથી. રેશમી વસ્ત્રોથી શુદ્ધિ વિશેષ પ્રકારે જળવાય છે.

પૂજાનાં વસ્ત્રો પરસેવાથી ગંધાતાં, મેલાં, ફાટેલાં, સાંધેલાં કે બળેલાં ન હોવાં જોઇએ. પૂજાનું કાર્ય પતી ગયા પછી તરત જ કાઢી નાખવાં જોઇએ. પૂજાના પ્રયોજન વિના તેને વધુ વખત પહેરી રખાય નહિ.

પોતાનું ઘર ઘણું દૂર હોય અને પૂજા કર્યા પછી વ્યાખ્યાન સાંભળવા બેસવાનું હોય તો પૂજા કરવા માટે ઘેરથી નીકળતી વખતે પોતાનાં ચાલુ વસ્ત્રો પણ થેલીમાં સાથે લઈ લેવાં જોઇએ અને પૂજાનાં વસ્ત્રો બદલીને વ્યાખ્યાન સાંભળવા બેસવું જોઇએ. એથી વાછૂટ આદિને કારણે પૂજાનાં વસ્ત્રો અપવિત્ર બને નહિ.

પૂજાના વસ્ત્રો પહેરીને વાછૂટ કરાય નહિ. પૂજાનાં વસ્ત્રો પહેરીને ખવાય-પિવાય નહિ. પૂજાના વસ્ત્રો પહેરીને સામાયિક-પ્રતિક્રમણ કરાય નહિ.

પૂજના વસ્ત્રો વડે પરસેવો નાક, હાથ , પગ, મોઢું વગેરે લુછાય નહિ. તે માટે નેપકીન જેવું કોઈ અલગ વસ્ત્ર રાખવું જોઇએ.

પૂજાનાં સુતરાઉ વસ્ત્રો રોજ ધોવાં જોઇએ. છેવટે પાણીમાં તો બોળવાં જ જોઇએ.

પૂજાતાં વસ્ત્રો અલગ જ ધોવા જોઇએ, અલગ જ સૂકવવાં જોઇએ અને કબાટ વગેરેમાં પણ અલગ જ રાખવાં જોઇએ. તેને ચાલુ વસ્ત્રોની સાથે ધોવાય, સૂકવાય કે રખાય નહિ.

અંતરાયવાળી સ્ત્રીએ **પૂજાનાં વસ્ત્રો ધોવાય નહિ.** તેને અડાય નહિ. અંતરાયવાળી સ્ત્રીએ ધોયેલાં અને **એકવાર પણ મળમૂત્રથી અપવિત્ર બનેલાં પૂજાનાં વસ્ત્રો પૂજામાં કદી પણ વપરાય નહિ.**

**ઉપરની બધી બાબતો પૂજારીનાં વસ્ત્રો માટે પણ સમજવાની છે.**

ધોતિયાનો ઉપયોગ ખેસ તરીકે અને ખેસનો ઉપયોગ ધોતિયા તરીકે કરાય નહિ. જે ખેસ બાળકોના ધોતિયા તરીકે વપરાતો હોય તે ક્યારેય ખેસ તરીકે વાપરી શકાય નહિ.

જણયાપૂર્વક પગ ધોયા પછી જ જિનાલયમાં પ્રવેશ કરવો જોઇએ.

ધોયેલાં શુદ્ધ વસ્ત્રો કે પૂજાનાં વસ્ત્રો વિના ગભારામાં પ્રવેશ કરાય નહિ. સ્નાન કર્યા વિના મલિન શરીરે અથવા મલિન વસ્ત્રો પહેરીને પ્રભુજીનો સ્પર્શ કરાય નહિ.

અંગપૂજાનું કાર્ય શરૂ કરતાં પહેલાં હાથ સારી રીતે ધોવા જોઇએ અને ધોયા પછી ધૂપી લેવા જોઇએ. તેમ જ અંગપૂજાનાં દ્રવ્યોને પણ ધૂપી લેવાં જોઇએ. **પ્રક્ષાલ માટેના પાણીથી હાથ ધોવાય નહિ. પબાસણ ઉપર તેમ જ ન્હવણજળની કૂંડીથી હાથ ધોવાય નહિ.**

પૂજાનાં દ્રવ્યો બીજા પાસેથી માગીને મેળવવાં યોગ્ય નથી. માગીને મેળવાયેલાં દ્રવ્યોને સ્વદ્રવ્ય કહેવાય નહિ. બીજાએ પ્રભુભક્તિ કરવા માટે આપેલાં દ્રવ્યોને પણ સ્વદ્રવ્ય કહેવાય નહિ. પોતાના પૈસા ખરચીને મેળવાયેલાં દ્રવ્યોને જ સ્વદ્રવ્ય કહેવાય.

પૂજા કરનારે પૂજા કરતાં પહેલાં કપાળ, બે કાન, હૃદય (છાતી), નાભિ એમ પોતાનાં પાંચ અંગે તિલક કરવાં અને તે માટેનું ચંદન અલગ હોવું જોઇએ. તિલક કરવા માટેના ચંદનથી ભગવાનની પૂજા થાય નહિ. તિલક કરીને જ ગભારામાં પ્રવેશ કરવો જોઇએ. **તિલક આખો દિવસ રાખવું જોઇએ.**

અંગપૂજા કરતી વખતે શરીરના કોઈ પણ ભાગ ઉપર પાટો બાંધેલો ન હોય તે ઉત્તમ માર્ગ છે. અનિવાર્ય કારણસર પાટો બાંધેલો રાખવો જ પડે તેમ હોય ત્યારે ત્યાં રસી(પરુ) ન નીકળતી હોય તો સ્નાન કરતી વખતે તે ભાગને સારી રીતે ધોઈ સ્વચ્છ કરવો જોઈએ. અને ત્યાં મળમૂત્રનો ત્યાગ કરતી વખતે પહેરેલો ન હોય, પણ પૂજાના સમયે બાંધવા માટે જ અલગ રાખેલો હોય તેવો શુદ્ધ અને સ્વચ્છ પાટો જ બાંધવો જોઈએ.

દેરાસરમાં પૂજા માટેનાં વાસણ, **ત્રાંબા–પિત્તળનાં હોવા જરૂરી છે. જર્મન સિલવર, સ્ટીલ, એલ્યુમિનિયમ તથા પ્લાસ્ટિક વગેરેનાં વાસણ વાપરવાં યોગ્ય નથી.**

પ્રભુજીની પૂજા માટેનાં વાસણ પ્રભુપૂજા સિવાયના બીજા કોઈ પણ કાર્યમાં વપરાય નહિ.

ચોખા–બદામ માટેની ડબી પણ એલ્યુમિનીયમની અને પ્લાસ્ટિકની વાપરવા યોગ્ય નથી.

જિન ભક્તિ માટેનાં ઉપકરણ દેવ–દેવીની પૂજાનાં ઉપયોગમાં લેવાય નહિ.

પૂજા માટેની સામગ્રી તૈયાર કરી પ્રદક્ષિણા આપવી. પૂજા માટેની સર્વ સામગ્રી નાભિથી ઊંચે રાખવી અને તેને ધુપાવવી.

ત્રસ (હાલતા–ચાલતા) જીવોની વિરાધના ન થાય, જયણા પળાય તે માટે પૂજામાં ઉપયોગી સર્વ વાસણોને તેનો ઉપયોગ કરતાં પહેલાં દૃષ્ટિથી સારી રીતે જોઈ લેવાં જોઈએ.

પ્રક્ષાલ માટેનાં દૂધ, જળ વગેરે દ્રવ્યોમાં આપણા હાથનાં આંગળાં ઘલાય નહિ. દૂધ અને પ્રક્ષાલજળનાં વાસણોને ઢાંકીને જ મૂકવા જોઈએ. તેને ઉઘાડાં મૂકી રખાય નહિ.

પૂજા માટેનું ચંદન ઘસતાં પહેલાં ઓરસિયાને પૂંજીને સારી રીતે ધોઈ નાખવો જોઈએ. બધા ચંદન ઘસનારાઓએ વારંવાર ઓરસિયો ધોવો જરૂરી નથી. ચંદન ઘસતાં પહેલાં કે પછી ઓરસિયા ઉપર હાથ ધોવાય નહિ. ચંદનવાળા હાથ અન્ય સ્થળે જઈને ધોવાય. મુખકોશ બાંધીને જ ચંદન ઘસવું જોઈએ. **ઉનાળામાં ચંદન ઘસતી વખતે તેમાં પરસેવાનું ટીપું પડી ન જાય તેની ખૂબ સાવધાની રાખવી જોઈએ.**

પૂજાનું નામ ચંદનપૂજા હોવા છતાં તેમાં સુગંધ વધારવા માટે ભેળવાતાં દ્રવ્યોમાં કેસરની મુખ્યતા હોવાથી ચંદનપૂજાને **'કેસરપૂજા'** પણ કહેવાય છે.

પૂજા માટેનું કેસર જરૂર પૂરતું જ લેવું. પૂજા કરી લીધા પછી થાળી–વાટકી જ્યાં ત્યાં નહિ મૂકતાં **યોગ્ય સ્થાને જ મૂકવાં.**

ફૂલ સ્વયં પવિત્ર છે. તેને પાણીમાં રગદોળાય કે ધોવાય નહિ. ફુલને પાણી વડે ધોવાથી તેમાં ત્રસ જીવોની વિરાધના થવાનો સંભવ છે.

પક્ષીની ચરક પડેલાં, જીવડાંઓએ ખાધેલાં, જમીન ઉપર પડેલાં, ખંડિત થયેલાં, કરમાયેલાં, અપવિત્ર મનુષ્યોથી સ્થર્શાયેલાં, અધમાંગને અડેલાં, મલિન વસ્રમાં ગ્રહણ કરાયેલાં કે રખાયેલાં અપવિત્ર અને સુગંધ વગરનાં ન હોય, પણ પવિત્ર અને સુગંધી હોય તેવાં પુષ્પો વડે વસ્રપૂજા કરવી જોઈએ.

**અષ્ટપડ મુખકોશ :** ખેસના છેડાની ત્રણ ગડી કરવાથી તેનાં આઠ પડ થાય છે. **ગભારામાં દાખલ થતાં પહેલાં ખેસના આઠ પડવાળા છેડા વડે નાક ઢંકાય તે રીતે મુખકોશ બાંધવો જોઈએ.** પણ બહે ટાળટ ન બાંધવો જેથી ગુંગળામણ થાય જેથી આપણો દુર્ગંધી શ્વાસલચ્છ્વાસ અને થુંક આદિ પ્રભુજીને ન લાગે તેમ કરવું.

ગભારો ભગવાનનો અવગ્રહ છે. ભગવાનના અવગ્રહમાં મુખકોશ બાંધી નિસીહિ કહીને અને જમણો પગ આગળ કરીને પ્રવેશ કરવો જોઈએ.

ગભારામાં દાખલ થયા પછી અંગપૂજા મૌનપણે કરવી જોઈએ. ગભારામાં કોઈની પણ સાથે વાતચીત કરાય નહિ. સવાલ–જવાબ કરવાની જરૂર પડે તોપણ ઈશારાથી જ પતાવવું જોઈએ. **અંગપૂજાના દુહા પણ મનમાં જ બોલવા જોઈએ, અવાજ કાઢીને બોલાય નહિ.**

મુખકોશ બાંધ્યા વિના ભગવાનની નજીક જવાય નહિ. પૂજા કરતી વખતે આપણા શરીર અને પ્રભુપ્રતિમા વચ્ચે અડધા હાથનું અંતર રાખવું જોઈએ. અંગપૂજાના પ્રયોજન વિના પ્રભુજીની નજીકમાં ઊભા પણ રહેવાય નહિ.

jainuniversity.org

પ્રભુભક્તિનાં સર્વ કાર્ય શાંતિથી ધીમે ધીમે કરવાં જોઈએ. ગભારામાં ઝડપથી ચલાય પણ નહિ.

અંગપૂજા થઈ ગયા પછી વિના કારણ ગભારામાં વધુ સમય રહેવાય નહિ. અંગપૂજા નિમિત્તે ગભારામાં રહેવું પડે ત્યાં સુધી મુખ અને નાક ઢંકાય તે રીતે મુખકોશ બાંધેલો રાખવો જોઈએ.

પૂજા કરતી વખતે પૂજા સિવાયની બીજી કોઈ ક્રિયા ન થાય. શરીર ખંજવાળાય નહિ. છીંક, બગાસું, ઉધરસ કે ખોંખારો ખાવય નહિ. વાછૂટ પણ કરાય નહિ. આવી કોઈ પણ જાતની હાજત થાય કે તરત જ ગભારાની બહાર આવી જવું જોઈએ. શક્ય હોય તો રંગમંડપની બહાર જઈને હાજત ટાળવી જોઈએ.

ઠંડીના દિવસોમાં નાક સાફ કરવાની જરૂર પડતી હોય તેણે મંદિરની બહાર આવી નાક સાફ કર્યા પછી નાકની આસપાસનો ભાગ અને હાથ અવશ્ય ધોવા જોઈએ.

પ્રતિમાજી ઉપર સૌપ્રથમ મોરપીંછીનો ઉપયોગ કરવો. પ્રતિમાજી ઉપર ફેરવવાની મોરપીંછીને પ્રતિમાજી સિવાયની બીજી કોઈ જગ્યાએ ફેરવાય નહિ. મોરપીંછીને થાળમાં જ રખાય. તેને જમીન ઉપર મુકાય નહિ, તેમ જ પબાસણ ઉપર ફેવવાની પૂંજણી અને બીજી અપવિત્ર વસ્તુઓ સાથે પણ તેને રખાય નહિ.

પબાસણ **ઉપર પૂંજણી ફેરવવી અને તે પ્રભુજીને અડી ન જાય તેની કાળજી રાખવી.**

પ્રતિમાજી ઉપર મોરપીંછી ફેરવ્યા બાદ **આંગી ઉપારવી**. પછી ભીના **વસ્ત્રથી કેસર ઉતારવું.**

હાલમાં વાળાકૂંચીનો ઉપયોગ પ્રભુજીની મોટી આશાતના થાય તે રીતે કરાઈ રહ્યો છે. બિનજરૂરી રીતે આખાય પ્રતિમાજી ઉપર એવો ભાર દઈને વાળાકૂંચી ઘસાય છે કે જેના પરિણામે પ્રભુજીનાં આંખ, કાન અને નાક પણ ઘસાઈ જાય છે.

પ્રભુ પ્રતિમા એ સાક્ષાત્ અરિહંત–પરમાત્મા સમાન છે. આ પૃથ્વીતલ ઉપર વિચરતા દેહધારી અરિહંત–પરમાત્માની કાયા આપણી કાયા કરતાં કંઈ ગણી વધારે સુકોમળ હોય છે. જે રીતે પ્રભુપ્રતિમા ઉપર વાળાકૂંચી ઘસવામાં આવે છે. એ જ રીતે આપણા શરીર ઉપર માત્ર એક જ મિનિટ વાળાકૂંચી ઘસવામાં આવે તોપણ આપણને ભયંકર પીડા થાય અને આપણું શરીર લોહીલુહાણ થઈ જાય બળતરા થાય. તો એ વાળાકૂંચી સાક્ષાત્ તીર્થંકર સમાન પ્રભુપ્રતિમા ઉપર ઘણી વાર સુધી ભાર દઈને ઘસવાથી તીર્થંકર પરમાત્માની કેટલી મોટી આશાતના થાય એ અવિવેકપૂર્વક વાળાકૂંચી ઘસનારે વિચારવા યોગ્ય છે.

પ્રતિમાજીના કોઈ ભાગમાં ભરાઈ ગયેલું વાસી ચંદન ભીના પોતાથી ન નીકળતું હોય ત્યારે જ વાળાકૂંચીનો ઉપયોગ ન છૂટકે અને તે પણ વિવેકપૂર્વક એટલેક જ્યાં કેસર ભરાયું હોય તેટલા જ ભાય પૂરતો ખૂબ જ પોચા હાથે કરવાનો છે. વાળાકૂંચી કાંઈક પોચી પડે અને સુવાળી બને તે માટે, તેનો ઉપયોગ કરતાં પહેલાં તેને થોડો સમય પાણીમાં પલાળી રાખવી.

આપણા દાંતમાં ભરાયેલા ખોરાકના કણિયાને સળી વડે સુકોમળ હાથે જેટલી સાવધાનીપૂર્વક કાઢીએ છીએ, તેના કરતાં પણ ઘણા વધારે સુકોમળ હાથે ઘણી વધારે સાવધાનીપૂર્વક પ્રતિમાજીના અંગમાં ભરાઈ ગયેલા વાસી ચંદનને કાઢવાનો પ્રયત્ન કરવાનો છે.

પ્રભુજીના પરમ ભક્ત અને પાપભીરુ વિવેકી આત્માઓએ કાંઈક વધુ સમય લાગે તોપણ ભીના પોતાથી પલાળીને જ વાસી ચંદન કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પવિત્ર જળ, ગાયનું દૂધ, દહીં, ઘી, સાકર એમ પંચામૃતનો પ્રક્ષાલ કરવો. બે હાથે કળશ ધારણ કરી બહુમાનપૂર્વક મૌનપણે મસ્તકથી અભિષેક કરવો. કળશને સહેજ નમાવવો–એ સમર્પણની મુદ્રા છે.

પાટલૂછણું કરતી વખતે પ્રભુજીને તેનો જરા પણ સ્પર્શ ન થઈ જાય તેની ખૂબ કાળજી રાખવી જોઈએ.

પાટલૂછણું કર્યા પછી અંગલૂછણું કરતા પહેલાં ગભારાની બહાર જઈને હાથ સારી રીતે ધોવા જોઈએ.

અંગલૂછણાં ત્રણ કરવાં. તે અખંડ, સુંદર, સ્વચ્છ, સફેદ, શુદ્ધ અને સુકોમળ હોવાં જોઈએ. અંગલૂછણાંને સ્વચ્છ થાળમાં જ મૂકવાં જોઈએ. તેને પબાસણની જમીન ઉપર મુકાય નહિ. આપણા ખભા ઉપર પણ મુકાય નહિ. તેને આપણા શરીરનો અને વસ્ત્રોનો સ્પર્શ બિલકુલ થાવ દેવાય નહિ. હાથનો સ્પર્શ પણ જેમ બને તેમ ઓછો થવો જોઈએ. પ્રભુજીને અંગલૂછણાં જેમ બને તેમ પોચા હાથે કરવાનાં છે.

પ્રતિમાજીમાં ક્યાંય પાણી રહી જાય તો નિગોદ થવાની શક્યતા છે, માટે જરૂર લાગે તો ત્રાંબાની સળીનો ઉપયોગ કરી પ્રભુની પલાંઠી અને પરિકર એકદમ કોરા કરવા.

ધોયા પહેલાં, ધોતી વખતે અને ધોયા પછી ક્યારેય પણ અંગલૂછણાંને પાટલૂછણાનો સ્પર્શ થાવ દેવાય નહિ. બંનેને અલગ જ રાખવાં જોઈએ, અલગ જ ધોવાં જોઈએ, અને અલગ જ સૂકવવાં જોઈએ. સુકાઈ ગયા પછી ગડી કરીને પણ અલગ જ રાખવાં જોઈએ.

આવતાં-જતાં લોકોનાં શરીરનો અને વસ્ત્રોનો સ્પર્શ થાય તેવી રીતે આવવા-જવાના માર્ગમાં આડી દોરી બાંધીને અંગલૂછણાં સૂકવાય નહિ. ટેબલ, ફાનસ, બારી, બારણાં વગેરે ઉપર જ્યાં ત્યાં મલિન સ્થાનોમાં અને ગભારામાં અંગલૂછતાં સૂકવાય નહિ. આવવા-જવાનો માર્ગ ન હોય તેવા સ્થાનમાં પવિત્ર દોરી બાંધીને, પવનથી ઊડીને જમીન પર પડી ન જાય તેવી રીતે સૂકવવાં જોઈએ. જમીન ઉપર પડી ગયેલા અંગલૂછણાં વપરાય નહિ.

ધોયેલાં અને ધોવા માટેનાં અંગલૂછણાંને પણ થાળમાં જ મૂકવાં જોઈએ. પબાસણ ઉપર કે બીજે ક્યાંય જમીન ઉપર મુકાય નહિ. અંગલૂછણાં ધોવા માટેનું સ્થાન પણ પવિત્ર અને અલગ હોવું જોઈએ. ત્યાં અંગલૂછણાં ધોતાં પહેલાં એ જમીનને સારી રીતે ધોઈને સાફ કરવી જોઈએ.

***અંગલૂછણાંને ક્યારેય જમીન ઉપર મુકાય નહિ.***

પંચધાતુંનાં કે સ્ફટિકનાં ચલપ્રતિમાજીને હાથમાં ધારણ કરીને ઊભા ઊભા અંગલૂછણાં કરવાથી પ્રતિમાજી ક્યારેક હાથમાંથી છટકીને જમીન ઉપર પડી જવાનો અને ખંડિત થવાનો સંભવ રહે છે. પ્રતિમાજી પડી જાય અને ખંડિત થાય તો ઘણી મોટી આશાતના થાય. એ આશાતનાથી બચવા માટે પ્રતિમાજીને ગભારાની બહાર રંગમંડપમાં યોગ્ય સ્થળે પવિત્ર બાજોઠ ઉપર પવિત્ર થાળમાં પધરાવીને બેઠાં બેઠાં જ અંગલૂછણાં કરવાં જોઈએ.

અંગલૂછતાં કરતી વખતે પ્રતિમાજીને આડાં કે ઊંધાં કરાય નહિ. પ્રતિમાજીને સીધાં જ રાખીને સાવધાનીપૂર્વક અંગલૂછણાં કરવાં જોઈએ.

જે સ્થાનમાં પંચધાતુના પ્રતિમાજી કે સિદ્ધચક્રજી પધરાવવાના હોય તે સ્થાનમાં નાના કે મોટા કોઈએ પણ પગ મુકાય નહિ.

પૂજાના ચંદનમાં નખ બોળાય નહિ. નખ વધેલા રખાય નહિ. ચંદનપૂજા કરતી વખતે તેના છાંટા પ્રભુજી ઉપર ઊડે નહિ તેની કાળજી રાખવી જોઈએ.

jainuniversity.org

## પ્રભુજીની પૂજા ક્યાં ક્રમે કરશો?

સૌપ્રથમ મૂળનાયક ભગવાનની પૂજા કરવી, પછી આજુબાજુનાં આસનનાં પ્રતિમાજીની પૂજા કરવી, પછી પંચધાતુનાં પ્રતિમાજીની તથા સિદ્ધચક્રજીની પૂજા કરવી, પછી ગુરુમૂર્તિની પૂજા કરવી, પછી અધિષ્ઠાયકના કપાળે અંગૂઠાથી તિલક કરવું.

શત્રુંજય વગેરે તીર્થસ્થાનોમાં મૂળનાયક ભગવાનની પૂજાને વાર હોય, લાઈન ઘણી મોટી હોય, પોતાનો વારો આવતાં ઘણી વાર લાગે તેમ હોય, સમયના અભાવને કારણે પોતાની એટલી સ્થિરતા અ હોય તેવા કારણે પ્રથમ અન્ય પ્રતિમાજીની પૂજા કરીને પછી મૂળનાયક ભગવાનની પૂજા કરી શકાય.

પંચધાતુનાં પ્રતિમાજીની કે સિદ્ધચક્રના ગટ્ટાની પૂજા કર્યા પછી પણ એ જ કેસરથી આરસનાં પ્રતિમાજીની પૂજા થાય.

પાર્શ્વનાથ ભગવાનની ફણા ઉપર પૂજા કરવી જરૂરી નથી. કરવી હોયતો અનામિકાથી જ કરવી. પાર્શ્વનાથ ભગવાનના અંગસ્વરૂપ મનાયેલી હોવાથી તે ચંદન વડે પ્રભુજીની પૂજા કરી શકાય છે, તેમાં દોષ નથી.

પરિકર પ્રભુજીના અંગ તરીકે સ્વીકારાયેલું હોવાથી પરિકરમાં રહેલ તમામનો અભિષેક પ્રભુજીની સાથે થાય.

પૂજા પ્રભુજીનાં નવ અંગે જ કરવાની છે. નવ અંગ સિવાય પ્રભુજીની હથેળી કે લાંછન ઉપર પૂજા કરવાની નથી.

અષ્ટમંગલની પાટલી અક્ષતપૂજારૂપે છે. તે પ્રભુજીની આગળ ધરવાની છે, તેની પૂજા કરવાની નથી.

પ્રભુજીના જમણા પગના અંગૂઠે વારંવાર પૂજા કરવી યોગ્ય નથી. કોઈ અંગ ઉપર વારંવાર પૂજા કરવાથી ચંદનના રેલા ચાલે છે. તેનાથી પ્રતિમાજી ઉપર લપેડા થાય છે. અને પ્રતિમાજીની સુંદરતા ઓછી થાય છે

માટે દોષ લાગે.

ગણધર ભગવંતોની પ્રતિમા સિદ્ધાવસ્થામાં હોય તો સિદ્ધમૂર્તિ કહેવાય. ભગાવનની પૂજ કરતી વખતે ગૌતમસ્વામી, પુંડરીકસ્વામી આદિ ગણધરોની સિદ્ધાવસ્થામાં રહેલી પ્રતિમાની પૂજા કરી શકાય. ગણ+રોની પ્રતિમા ગુરુમુદ્રામાં રહેલી હોય તો ગુરુમૂર્તિ કહેવાય. ગુરુમૂર્તિની પૂજા ભગવાનની પૂજા કર્યા પછી થાય. ગુરુમૂર્તિની પૂજા કર્યા પછી તે ચંદનથી પ્રભુપ્રતિમાની પૂજા કરાય નહિ. છેલ્લે દેવ–દેવીની પૂજા અંગૂઠાથી માત્ર કપાળે તિલક કરીને જ કરાય, નવ અંગે પૂજા કરાય નહિ. દેવ–દેવીના કપાળે પૂજા કર્યા પછી તે ચંદનથી પ્રભુજીની અને ગુરુમૂર્તિની પૂજા કરાય નહિ.

ગુરુમુદ્રામાં રહેલી ગણધરની પ્રતિમાનું પ્રક્ષાલજળ પ્રભુપ્રતિમા ઉપર પડે તો આશાતના થાય, પ્રભુપ્રતિમા અને ગુરુમૂર્તિ માટેનાં અંગલૂછણાં અલગ–અલગ રાખવાં જોઈએ. પ્રભુપ્રતિમાનાં અંગલૂછતાં ગુરુમૂર્તિ માટે અને ગુરુમૂર્તિ માટેનાં અંગલૂછણાં પ્રભુપ્રતિમા માટે વપરાય નહિ.

અભિષેક થયેલા ફોટા દર્શનીય–વંદનીય ગણાય પણ પૂજનીય ન ગણાય.

નવ અંગે પૂજા કરવા સિવાય કે આંગી આદિના પ્રયોજન વિના પ્રભુજીને અડાય નહિ. હાથ સિવાયનું આપણું શરીર પ્રભુજીને અડવું ન જોઈએ. આપણાં વસ્ત્રો પણ પ્રભુજીને અડવાં ન જોઈએ. **પૂજાના પ્રયોજન વિના પ્રભુજીના પગને હાથ અડાડાય નહિ. પ્રભુજીના ખોળામાં માથું મુકાય નહિ.**

નવ અંગે પૂજા તથા વિલેપન અને આંગી કરવા માટે હાથ વડે પ્રભુજીને અડવું તે જરૂરી સ્પર્શ કહેવાય, તે સિવાય પ્રભુજીને અડવું તે બિનજરૂરી સ્પર્શ કહેવાય.

**આપણી ઈચ્છા મુજબ પ્રભુજીનો બિનજરૂરી સ્પર્શ કરવાથી પ્રભુજીની આશાતના થાય છે.**

આંગીમાં ઉત્તમ દ્રવ્યો જ વાપરવાં. પ્લાસ્ટીકનાં નંગો તથા રૂ વગેરે વાપરવું નહિ. એલ્યુમિનિયમ અને સીસાના મિશ્રણવાળા હલકી જાતના વરખ વાપરવા નહિ. તે પ્રતિમાજી ઉપર ચોંટી જાય છે, તેથી પ્રતિમાજીની શોભા ઘટે છે.

સ્તુતિ, સ્તોત્ર, સ્તવન ગભારાની બહાર રહીને કરવાં. ધૂપ, દીપ, ચામર આદિ અગ્રપૂજા ગભારાની બહાર આવીને પ્રભુજીથી દૂર રહીને કરવી.

ન્હવણજળ (નમણ) પવિત્ર હોવાથી આપણા શરીરના નાભિના ઉપરના ભાગે જ લગાડવું જોઈએ. તેને પણ નીચે કચરાય નહિ. અપવિત્ર અને પગ તળે કચરાય તેવા સ્થાનમાં તેને પધરાવાય નહિ.

શરીરના પરસેવા વગેરે મળથી મલિન થયેલી અને દુર્ગંધવાળી બનેલી આપણા હાથ ઉપર બાંધેલી રક્ષાપોટલી પ્રભુજીના પવિત્ર ન્હવણજળમાં નખાય નહિ.

નિર્માલ્ય (વાસી) પુષ્પો ક્યાંક ન્હવણજળમાં નખાતાં જોવામાં આવે છે, ક્યાંક નદીમાં કે દરિયામાં પધરાવાય છે. વાસી ફૂલોની જે રીતે જયણા થવી જોઈએ તે રીતે થતી નથી. વાસી ફૂલોમાં ત્રસ જીવો રહેલા હોય છે. ત્રસ જીવોની વિરાધના ન થાય તે માટે આંગી ઉપરથી ઊતરેલાં ફૂલોને ન્હવણજળમાં તથા નદી, તળાવ, સમુદ્ર વગેરે જળાશયોમાં પધરાવાય નહિ.

શક્ય હોય ત્યાં સુધી જીવોની જયણા પળાય તે રીતે **પગમાં કાંઈ પણ પહેર્યા વિના ઉઘાડા પગે ચાલીને પૂજા કરવા જવું જોઈએ, અને ચાલીને જ આવવું.**

તબિયત આદિના ખાસ કારણસર ઉઘાડા પગે જઈ શકાય તેમ ન જ હોય તો માત્ર પૂજા કરાવા જતી વખતે પહેરવા માટે કપડાનાં બનેલાં મોજાં ખાસ ખલગ રાખવાથી અવિધિમાં પણ એટલો વિવેક રાખ્યો ગણાય.


www.jainuniversity.org

# ચૈત્યવંદનમાં આટલું ધ્યાન રાખશો...

- દ્રવ્યપૂજા કર્યા પછી ચૈત્યવંદનરૂપ ભાવપૂજા અવશ્ય કરવી જોઈએ. દ્રવ્યપૂજા સંયોગવશ હજી ઓછીવત્તી થાય તો ચાલે, પણ વિવેકી આત્માઓએ ભાવપૂજા તો સુંદર રીતે કરવી જ જોઈએ. શુભભાવ જગાડવા માટેનું એ અમોઘ સાધાન છે.
- ચૈત્યવંદન કરવા યથાક્રમે અને પોતપોતાને ઉચિતસ્થાને જ બેસવું જોઈએ. સૌથી આગળ સાધુ મહારાજ બેસે, તેમની પાછળ કાંઈક અંતર રાખીને શ્રાવકો બેસે, તેમની પાછળ કાંઈક વિશેષ અંતર રાખીને સાધ્વીજી મહારાજ બેસે અને તેમની પાછળ છેલ્લે શ્રાવિકાઓ ચૈત્યવંદન કરવા બેસે.
- ચૈત્યવંદન કરવા શ્રાવકોએ સાધુભગવંતોની પાછળ અને **શ્રાવિકાઓએ સાધ્વીજી મહારાજની પાછળ બેસવું જોઈએ, પણ તેમનાથી આગળ બેસાય નહિ.**
- સ્ત્રી પુરૂષોએ દેરાસરમાં પોતપોતાને ઉચિત એવી નિયત જગ્યાએ ચૈત્યવંદન કરવા બેસવું જોઈએ. સાધુમહારાજ અને શ્રાવકો ચૈત્યવંદન કરવા બેઠેલા ન હોય, તેમને બેસવાની જગ્યા ખાલી પડેલી હોય તોપણ બ્રહ્મચર્યની અમુક વાડનું પાલન પોતાને પણ થાય અને પુરૂષોને પણ થાય તે માટે સાધ્વીજી **મહારાજ અને શ્રાવિકાઓએ પુરૂષોની જગ્યાએ ચૈત્યવંદન કરવા બેસાય નહિં**. તેવી જ રીતે **પુરૂષોએ પણ પાછળ સ્ત્રીઓની જગ્યાએ ચૈત્યવંદન કરવા બેસાય નહિં**. બ્રહ્મચર્યના પાલન માટેની આ કલ્યાણકારી મર્યાદાનું ઉલ્લંઘન કરનાર દોષના ભાગીદાર બને છે.
- પતિ-પત્નિ તેમ જ અન્ય સ્ત્રીપુરૂષોએ અનિવાર્ય કારણ સિવાય પુરૂષોની કે સ્ત્રીઓની કોઈ જગ્યાએ સાથે બેસીને ચૈત્યવંદન કરવું મર્યાદાસંગત નથી. એથી બ્રહ્મચર્યની અમુક વાડનો ભંગ થાય છે તેમ જ પ્રભુજીનો અવિનય અને આશાતના થાય છે.
- અક્ષતપૂજા માટે ચોખા હાથમાં લઈને, પ્રથમ સિદ્ધશીલાની ઢગલી કરવી, પછી જ્ઞાન, દર્શન, ચારિત્રની ઢગલી કરવી, ત્યાર પછી સાથિયાની ઢગલી કરવી, **પરંતુ આલેખન કરતી વખતે પ્રથમ સાથિયો કરવો અને છેલ્લે સિદ્ધશીલા આલેખવી**.
- પોતપોતાને ઉચિત સ્થાને ચૈત્યવંદન કરવા બેસી, પાટલા ઉપર સાથિયો કરી, ત્રીજી વારની નિસીહિ કહી, આજુબાજુની અને ઉપર-નીચેની સર્વ દિશાઓનો ત્યાગ કરી દ્દષ્ટિ માત્ર પ્રભુજી સમક્ષ રાખીને ચૈત્યવંદન કરવું જોઈએ. ચૈત્યવંદન કરતી વખતે દ્રવ્યપૂજા સંબંધી કોઈ પણ પ્રવૃત્તિ કરવાની નથી અને તે સંબંધી વિચાર પણ કરવાનો નથી.
- શુદ્ધ અને અખંડ ચોખાથી સાથિયો કરી લીધા પછી જ નિસીહિ કહી, ત્રણ ખમાસમણ દઈ ચૈત્યવંદન સૂત્ર બોલવાનું શરૂ કરવું જોઈએ. **સાથિયો કરતાં કરતાં ચૈત્યવંદનનાં સૂત્ર બોલાય નહિ**.

## સાથિયાનો ભાવાર્થ

- સાથિયાનાં ચાર પાંખડાં સંસારની ચાર ગતિ અને તેમાં આપણા આત્માનું પરિભ્રમણ સૂચવે છે.
- તેના ઉપર ત્રણ ઢગલી સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની સૂચક છે.
- તેના ઉપર સિદ્ધશિલા છે તે બીજના ચંદ્ર જેવી છે. તે ૪૫ લાખ યોજન લાંબી છે, ૮ લાખ યોજન પહોળી છે અને બંને છેડે માખીની પાંખ જેટલી પાતળી છે.
- સિદ્ધશીલા ઉપર કરાતી ઢગલી તે **'મારે સિદ્ધશીલા ઉપર સિદ્ધરૂપે વાસ કરવો છે.'** એવી આપણા હ્રદયમાં રહેલી ભાવનાનું પ્રતીક છે. સિદ્ધશીલા ઉપર અનંતાનંત સિદ્ધાત્માઓ બિરાજમાન છે.

## સાથિયો કરતી વખતે મનમાં શું વિચારશો ?

- મારો આત્મા અનાદિ-અનંત કાળથી ચતુર્ગતિરૂપ સંસારમાં ભટકીને દુ:ખી થઈ રહ્યો છે. હવે દાન, શીલ, તપ, ભાવ એ ચાર પ્રકારના ધર્મનો આદર કરી, સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના પામી, તેના વડે સંસારનો અંત લાવીને મારે મારા આત્માને સિદ્ધશીલા ઉપર સ્થાપન કરવો છે- મોક્ષ મેળવવો છે, અથવા સિદ્ધશિલા ઉપર મારા આત્માનો પણ વાસ હો ઈત્યાદિ શુભ ભાવો મનમાં ભાવવાના છે.

## અચૂક ધ્યાનમાં રાખવા યોગ્ય

- ચૈત્યવંદન કરી લીધા પછી ચોખા, બદામ, ફળ, નૈવેદ્ય, નાણું એ બધું આપણી જાતે સુરક્ષિત સ્થાને મૂકી દેવું જોઈએ. પાટલા કે ભંડાર ઉપર અક્ષતાદિ રેઢું મૂકીને ચાલ્યા જવાથી ખરાબ કાળને કારણે ચોરાઈ જવાનો કે વિનાશ પામવાનો સંભવ છે, અથવા અજ્ઞાન બાળકો ખાઈ જાય તેમ જ ત્રસ જીવોની વિરાધના થાય એવો પણ સંભવ છે.
- દેવ દ્રવ્યની વૃદ્ધિ કરવા સાથે તેની રક્ષા કરવાની અને જયણા પાળવાની પણ આપણી ફરજ છે. એ ફરજ ચૂકીએ તો દેવદ્રવ્યના રક્ષણની ઉપેક્ષાનો અને અજયણાનો દોષ લાગે.
- ***પાટલો કોઈને ઠેબે ન ચડે તેમ એક બાજુ મૂકી દેવો જોઈએ.***

jainuniversity.org